૫૦૧ / ૫,૦૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૯ જૂન, ૨૦૦૫)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦) **સત્સંગ પરિચય : પ્રશ્નપત્ર - ૧**

(કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ-૧ : સહજાનંદ ચરિત્ર - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૪

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** (૬ ગુણ)

૧. ''જાઓ, બ્રાહ્મણોના જેવી પંડિતાઈ અને સદ્‌ગુણો તમારામાં આવશે.'' ૧૩૩

૨. ''હવે જે સ્વામિનારાયણિયા રહ્યા હો, તે મારી પાસે આવીને બેસો.'' ૧૩૯

૩. ''મહારાજ ઓઢે છે તે ધાબળો ખૂબ વજનદાર, જાડો અને બરછટ છે.'' ૧૧૯

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (ત્રણ થી ચાર લીટીમાં)** (૬ ગુણ)

૧. બે-બે મિનિટે મહારાજ વછેરાને પગે લાકડી અડાડતા. ૯૦

૨. શોભારામ ચાર દિવસમાં જ આંધળો થઈ ગયો. ૬૪

૩. રાણબાઈની સાથે મહારાજ વલોણું ખેંચવા લાગ્યા. ૬૭

**પ્રશ્ન.૩. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ધર્મ-ભક્તિનાં દર્શન ૬૨

૨. સતી પ્રથાની નાબૂદી ૩૭

૩. અમારા પર દયા રાખજો. ૫૯

૪. નવાબને નિશ્ચય ૭૮

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (૪ ગુણ)

૧. કારિયાણીમાં મહારાજ હરિભક્તો પાસે શું ખોદાવતા હતા ? ૨૮

૨. સહજાનંદ સ્વામીએ શીતળદાસને કયો જાપ કરવા કહ્યું ? ૩

૩. રૂપિયાના બદલામાં ભીમ પંડ્યાએ ગરાસિયા પાસે શું માગ્યું ? ૬૯

૪. કીડીઓ વૈકુંઠમાં કોના પ્રતાપથી ગઈ ? ૨૭

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. કઠપૂતળીનો ખેલ ૧૦૪

(અ) નેણ કટારી સલુણા શ્યામની રે.... (બ) જીવપ્રાણી માત્ર આપના હાથે નાચતાં પૂતળાં છે.

(ક) રુક્મિણી વિવાહનો વેશ ભજવો. (ડ) અમારી કળા પાવન થવા દ્યો.

૨. આણંદમાં અપમાન ૯૫

(અ) ઉકળતા તેલનું ટાંકું કરાવ્યું. (બ) પટ્ટન સો દટ્ટન

(ક) ક્ષમા અને ધીરજ ધારજો. (ડ) ધૂળ અને ઢેફાં ખાધાં.

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** (૪ ગુણ)

૧. મહારાજને ઉદાસ જોઈ ................ સ્વામી રોવા લાગ્યા. ૧૪૯

૨. મહારાજે ભૂજમાં મંદિર કરવા .................. સ્વામીને મોકલ્યા. ૧૧૮

૩. ગરીબનવાજ શ્રીજીમહારાજે લાંઘણોજમાં .................... નો થાળ ગ્રહણ કર્યો. ૮૫

૪. ડનલોપ સાહેબે ................ જગ્યાનો ખત તાંબાના પતરા પર કરી આપ્યો. ૧૧૧

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૯ જૂન, ૨૦૦૫ પરીક્ષા : સત્સંગ પરિચય-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૫૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-

પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-

પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- | | | | | | |

પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- | | | | |

પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ - ૨ - સાતમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૦

**પ્રશ્ન.૭. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૬ ગુણ)**

૧. ''ભેંશે લસણ ખાધું છે તેથી દૂધમાં તેની દુર્ગંધ આવે છે.'' ૪૩

૨. ''આપ કહો છો કે અમે અક્ષરાધિપતિ છીએ તો અમારે શું સમજવું ?'' ૧૪

૩. ''મારે તો આપની આજ્ઞા એ જ સમૈયો છે.'' ૫૦

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (ત્રણ થી ચાર લીટીમાં)** **(૪ ગુણ)**

૧. નિત્યાનંદ સ્વામી દર વર્ષે એક માસ જૂનાગઢ જતા. ૭

૨. કૃષ્ણજી અદાએ પોતાના ગુરુભાઈ અને અત્યંત સ્નેહી હિમરાજભાઈ સાથેનો સંબંધ સદાને માટે કાપી નાખ્યો. ૬૨

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર વિવરણ લખો. (પંદરેક લીટીમાં)** **(૫ ગુણ)**

૧. દાદાખાચરને મહારાજનો અટલ વિશ્વાસ ૩૬

૨. લાડુબાને શાસ્ત્રોમાં થયેલી પ્રતીતિ ૪૩

૩. જાગાભક્તે મેળવેલો સ્વામીનો રાજીપો ૫૨

**પ્રશ્ન.૧૦. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** **(૪ ગુણ)**

૧. દાદાખાચરનો વંશ રાખવા મહારાજે શું કર્યું ? ૩૮

૨. મહારાજે પીંજારાના પુત્રને ક્યાં જવાની આજ્ઞા કરી ? ૧૦

૩. કડવા વ્યાસને સહજાનંદ સ્વામીની ઓળખ કોણે કરાવી હતી ? ૫૯

૪. એભલ ખાચરે શ્રીજીમહારાજને શાની સોંપણી કરી હતી ? ૩૩

**પ્રશ્ન.૧૧. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધીને ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધ :- મહારાજનો અપાર મહિમા સમજતા મૂળજી બ્રહ્મચારી (૧૯)**

**૧.** શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે વિમુખ કરીને પાછા બોલાવ્યા. **૨.** સુથારણ બાઈ મૂળજી બ્રહ્મચારીને પોતાના ઘરે તેડી ગઈ. **૩.** મહારાજે મૂળજી બ્રહ્મચારીને બોલાવ્યા કે તરત જ તેઓ મહારાજની સેવામાં જોડાઈ ગયા. **૪.** મહારાજે કહ્યું : ''આ મૂળજી બ્રહ્મચારીને કોઈ પારકું નથી કોઈ પોતાનું નથી.'' **૫.** મૂળજી બ્રહ્મચારી મહારાજને ખૂબ ભાવથી જમાડતા. **૬.** મહારાજને રસ-રોટલી જમાડીને રાજી કર્યા. **૭.** વગર વાંકે બ્રહ્મચારીને મહારાજે વિમુખ કર્યા, આકરા નિયમો આપ્યા છતાં તેમને લેશમાત્ર ક્ષોભ ન થયો. **૮.** શ્રીજીમહારાજ અને બ્રહ્મચારીની જોડ મહારાજે બાંધી હતી. **૯.** બ્રહ્મચારી બહુ ભણ્યા ન હતા, પણ મુદ્દાની વાત સમજતા હતા.

**પ્રશ્ન.૧૨. નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. દાદાખાચરે પોતાનો ગરાસ જીવાખાચરને લખી આપ્યો. ૩૫

૨. ગૃહત્યાગ કરી જોગીદાસ ખુમાણ દ્વારિકાની જાત્રા કરવા નીકળ્યા. ૨૧

૩. નિત્યાનંદ સ્વામીએ સં.૧૯૦૮માં ભૌતિક દેહનો ત્યાગ કર્યો. ૭

૪. દાદાખાચરે પ્રેમાનંદ સ્વામીને મહારાજના વિરહનાં પદો ગાવાની ના પાડી. ૧૪

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૫ ગુણ)**

૧. ૮૨ વર્ષની ઉંમરે સતત કર્મશીલ અને પ્રસન્ન મૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ.

૨. જીવન ઘડતરની અનોખી શાળા : BAPS છાત્રાલય.

૩. જીવનમાં સંયમ-નિયમની અગત્યતા.

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૭ જુલાઈ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋